રજીસ્ટર પોસ્ટ એ.ડી.

વિષય :– મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૧ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીનનો **રહેણાંકના** હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫ હેઠળ પરવાનગી આપવા બાબત.

નં. જમન–૧/એન.એ./એસ.આર./૬૫/૧૫૭/૨૦૧૧–૧૨/
જિલ્લા કલેકટરની કચેરી, ૯૯૨૧-૨૦૮૨૧ ઘી ૨૦૯૨૮
આણંદ તા.૨૭/૧૨/૨૦૧૧.

## વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૨૦૦૮

(૨) અરજદારશ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિની તા. ૨૬/૧૧/૨૦૦૯ ની અરજી તથા તા. ૧૮/૧/૨૦૧૧, તા. ૧૩/૯/૨૦૧૧ ની પુનઃ અરજી.

(૩) મામલતદારશ્રી, આણંદ(શહેર)ના પત્ર નં. જમન/વશી/૫૦૦૬/૧૧, તા. ૧૨/૧૦/૨૦૧૧ થી પુરા થતાં કાગળો.

(૪) મામલતદારશ્રી, સિંચાઈ દર વસુલાત, આણંદના પત્ર જા. નં. આઈ.આર.આર./એડીએમ/ બીનખેતી/વશી/૫૩૪/સને. ૨૦૦૮, તા. ૧૬/૧૨/૨૦૦૯.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદના પત્ર જા. નં. સીબી/ ૫૫૪૭ / સને. ૨૦૦૯, તા. ૨૯/૧૨/૨૦૦૯ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, આણંદના પત્ર ક્રમાંક : ડીબી./એન.એ./વશી/૪૦૬/૧, તા. ૧૫/૩/૧૦.

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા. નં. ડી.બી./એન.એ./૧૯/ વશી/૮૨/સને. ૨૦૧૦, તા. ૧૧/૧/૨૦૧૦ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા.નં. ડી.બી./એન.એ./૮૨/સને. ૨૦૧૦, તા. ૧૧/૧/૨૦૧૦.

(૭) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં. ટીએનસી/વશી/૪૫૫, તા. ૧૭/૧૨/૨૦૦૯.

(૮) નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદના પત્ર નં. એન.એ./એસ.આર./ ૩૧/૨૦૧૧/વશી/૨૦૨, તા. ૫/૨/૨૦૧૧ તથા પત્ર નં. જમન/અભિપ્રાય/વશી/૧૪૦૬૮, તા. ૯/૧૧/૨૦૧૧.

(૯) નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના પત્ર નં. ગણત–૧ / અભિપ્રાય / વશી / ૧૪૦, તા. ૧૭/૧/૨૦૧૧.

(૧૦) શાખાધ્યક્ષશ્રી, જમન–૨ શાખા, કલેકટર કચેરી, આણંદના પત્ર નં. જમન–૨/અભિપ્રાય/ વશી/૧૮૮૨, તા. ૧૮/૧૨/૨૦૦૯.

(૧૧) નાયબ કલેકટરશ્રી, આણંદના પત્ર નં.જ.સં/બિ.ખે.પ./વ/૩૦૭/૧૧, તા. ૮/૨/૨૦૧૦.

(૧૨) ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદના પત્ર નં. એ.એમ.ડી./એલ.એ.કયુ./આણંદ/૭૬૫, તા. ૧૨/૮/૨૦૧૧.

(૧૩) ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદના પત્ર જાવક નં. આ.વિ.વિ.સ.મં./૫૪૧, તા. ૧૦/૧૧/૨૦૦૯.

(૧૪) નગર નિયોજકશ્રી, આણંદના પત્ર નં. બીપી/આણંદ/૧૮૩૯, તા. ૧૪/૯/૨૦૦૯.

(૧૫) અધિક તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં. તજર / બુક / આણંદ / વશી / ૮૭૪૭, તા. ૭/૧૨/૨૦૧૧.

કલેકટર આણંદ

**હુકમ :–**

મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૧ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન ૭/૧૨ ના રેકર્ડમાંશ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિના નામે ચાલે છે. જે જમીન પૈકી ૧૨૯–૦૦ ચો.મી. જમીન ડી. પી. રોડમાં કપાત જતા બાકી રહેતી ૩૪૧૨–૦૦ ચો.મી. જમીનનો રહેણાંકના હેતુસર બિનખેતીનો ઉપયોગ કરવા માટે નગર નિયોજકશ્રી, આણંદના તા. ૧૪/૯/૨૦૦૦૯ ના આમુખ–(૧૪) માં દર્શાવેલ પત્રથી રહેણાંકના હેતુ માટેના પ્લાન મંજુર કરેલ છે. જે મંજુર કરેલ પ્લાન મુજબ ૬૯૮–૨૫ ચો.મી. જમીનમાં રહેઠાણ હેતુ માટે બાંધકામ કરી, ૩૬૦–૦૦ ચો.મી. જમીનમાં કોમન પ્લોટ રાખી, ૧૧૦૦–૦૦ ચો.મી. જમીનમાં એપ્રોચ રોડ રાખી, ૧૨૫૩–૭૫ ચો.મી. જમીન આકાશ સુધી ખુલ્લી રાખી, કુલ ૩૨૧૪–૦૦ ચો.મી. જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ–(૩) થી અરજી કરેલ છે.

સદર કામે મામલતદારશ્રી, આણંદ(શહેર) મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રી, આણંદ(શહેર)એ નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફાર નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ સવાલવાળી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–(૩) ના પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

મામલતદારશ્રી, સિંચાઈ દર વસુલાત, આણંદએ આમુખ–(૪) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનના કબજેદારશ્રી ખાતે સિંચાઈ પિયાવાની રકમ બાકી નથી તેમ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદે તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, આણંદે આમુખ–(૫) ના પત્રથી સવાલવાળી જમીનમાંથી તેઓની કચેરી હસ્તકનો કોઈ રસ્તો પસાર થતો નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવામાં આવે તો વાંધા સરખું નથી તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદએ આમુખ–(૬) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન પત્રમાં દર્શાવેલ શરતોને આધિન રહીને બીનખેતીના ઉપયોગ કરવા પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગણોત કેસ નં.–૬/૦૩, તા. ૨૮/૧/૦૩, ગણોતધારા કલમ–૮૭ હેઠળ ગ. ધા. કલમ–૪૩ નાં નિયંત્રણો દૂર કરવા હુકમ કરેલ છે. જે મે. નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપેલ, આણંદના પત્ર નં. ગણત/વશી/૪૫૩૩, તા. ૩/૩/૦૩ થી હુકમ કાયમ રાખેલ છે, તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદએ આમુખ–(૮) ના પત્રોથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની જમીન સંપાદનની દરખાસ્ત તેઓની કચેરીમાં ચાલતી નથી તથા સવાલવાળી જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ–(૯) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાં મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના ગણોત કેસ નં.–૬/૦૩,

તા. ૨૮/૧/૦૩ થી ગ. ધા. કલમ–૪૩ ના નિયંત્રણો દૂર કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેની કોર્ટમાં ટેનન્સી અપીલ નં.–૮૪/૦૯ દાખલ થયેલ. તેમાં વિવાદીશ્રીએ લેખિત પુરશીશ આપી વિવાદ અરજી આગળ ચલાવવી ન હોવાનું જણાવી અરજી પરત ખેંચેલ હોવાથી વિવાદ અરજી નામંજૂર કરવામાં આવેલ છે. આથી જમીન જુની શરતની રહે છે. હાલના અરજદારશ્રીનું નામ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ આધારે રેકર્ડમાં દાખલ થયેલ છે. અન્ય રીતે ટાઈટલ કલીયર હોવાથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના આમુખ–(૧૦) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન અંગેનો વિવાદ ચાલુમાં નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, આણંદે આમુખ–(૧૧) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે અત્રેની કચેરી હસ્તકની કોઈ સંપાદનની કાર્યવાહી ચાલુમાં નથી. તેમ જણાવેલ છે.

ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદે આમુખ–(૧૨) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાંથી આરઓય પસાર થાય છે. તો પાઈપલાઈન વિભાગના જણાવ્યા અનુસાર ૨૫+૩+૩ પાઈપલાઈનની બંને બાજુ થઈને કુલ–૩૧ મીટર બાંધકામ કે કાચુ – પાકું બાંધકામ કરવાની શરતે એન.ઓ.સી. આપેલ છે.

ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદે આમુખ–(૧૩) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની સમાવેશ મંજુર થયેલ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં થયેલ છે, તેમ જણાવેલ છે.

મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૧ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

| ક્રમ | નોંધ નંબર | તારીખ | નોંધની ટુંકી વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦૧ | – | રેકર્ડ બળી ગયેલ છે તેની નોંધ |
| ૨ | ૫૬૩૭ | /૧૨/૪૯ | સંરક્ષિત ગણોતીયા અંગેની નોંધ |
| ૩ | ૫૯૪૧ | ૮/૪/૫૩ | ટુકડા જાહેર અંગેની નોંધ |
| ૪ | ૮૬૭૪ | – | રેકર્ડ બળી ગયેલ છે તેની નોંધ |
| ૫ | ૨૦૦૮૨/બ | ૮/૭/૭૪ | ખ.કિં. ભરવાના આદેશ અંગેની નોંધ |
| ૬ | ૨૨૩૫૦ | ૨૩/૧૨/૭૪ | રેકર્ડથી નોંધ |
| ૭ | ૨૭૬૫૬ | ૨૨/૯/૭૯ | વપરાશી હકક અંગેની નોંધ |
| ૮ | ૩૨૮૩૭ | ૧૪/૯/૮૪ | વારસાઈ અંગેની નોંધ |
| ૯ | ૩૩૪૬૩ | ૭/૨/૮૫ | નમુના નં.–૯ ના સર્ટી. અંગેની નોંધ |
| ૧૦ | ૩૪૮૩૩ | ૩૧/૧૨/૮૫ | હુકમ અંગેની નોંધ (રદ થયેલ છે) |
| ૧૧ | ૩૫૫૧૪ | ૧૪/૫/૮૬ | ટ્રી. સુચના અંગેની નોંધ |
| ૧૨ | ૫૨૭૩૯ | ૨૦/૧૦/૯૫ | વારસાઈ અંગેની નોંધ |
| ૧૩ | ૭૪૧૨૧ | ૧૯/૬/૦૩ | વારસાઈ અંગેની નોંધ |
| ૧૪ | ૭૪૧૨૨ | ૧૯/૬/૦૩ | હુકમ અંગેની નોંધ |
| ૧૫ | ૭૪૧૨૭ | ૨૦/૬/૦૩ | ખેતી વેચાણ અંગેની નોંધ |
| ૧૬ | ૯૨૫૧૧ | ૭/૯/૦૯ | ખેતી વેચાણ અંગેની નોંધ (રદ થયેલ છે) |
| ૧૭ | ૯૫૯૯૧ | ૩૦/૯/૧૦ | હુકમ અંગેની નોંધ |
| ૧૮ | ૯૫૯૯૨ | ૩૦/૯/૧૦ | ખેતી વેચાણ અંગેની નોંધ |

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૧) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૩) થી (૧૪)

ના અભિપ્રાયો ધ્યાને લેતાં સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારે સંમતિ જવાબ આપેલ છે. આમ સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારને સદરહુ જમીનના રૂપાંતર કરની રકમ ₹૩૫,૪૧૦/– તથા માપણી ફીની રકમ ₹૫,૧૦૦/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના તા. ૨૧/૧૧/૨૦૧૧ ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતર કર ₹૩૫,૪૧૦/–(અંકે રૂપિયા પાત્રીસ હજાર ચારસો દશ પુરા) તથા માપણી ફીની રકમ ₹૫,૧૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર એકસો પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આણંદની શાખામાં તા. ૨૨/૧૧/૨૦૧૧ નાં રોજ જમા કરાવી અસલ ચલનો અત્રે રજુ કરેલ છે.

ઉકત રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ પાસે ખાત્રી કરાવતાં, અધિક તિજોરી અધિકારીશ્રી, આણંદે આમુખ–(૧૫) ના પત્રથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે તેમ જણાવેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૮૮૫/– તથા લોકલ ફંડ ₹૪૪૩/– મળી કુલ ₹૧,૩૩૦/–, જમીન મહેસુલ પહોંચ નં. ૫૫/૧૦, તા. ૨૨/૧૧/૨૦૧૧ તથા શિક્ષણ ઉપકર ₹૨૨૫/– જમીન મહેસુલ પહોંચ નં. ૩, તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તલાટી કમ મંત્રીશ્રી, આણંદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને ઉપરોકત જમીનમાં મુંબઈ જમીન મહેસુલ ધારાની કલમ–૬૫ અન્વયે **રહેણાંકના** હેતુ માટેનો બીનખેતીનો ઉપયોગ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

**શ ર તો :–**

(૧) જમીનના કબજેદારે દર ચોરસ મીટરે ૦.૨૫ પૈસાના દરે બીન ખેતીનો ધારો ₹૮૮૫.૦૦ ન.પૈ. આપવા પડશે.

(૨) બીન ખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે.. અને ત્રણ વર્ષની અંદર પુરુ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીન ખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોકત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૩) કબજેદારે બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી/સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૪) કબજેદારે બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૫) નગર નિયોજકશ્રી, આણંદના આમુખ–(૧૪) ના પત્રથી જણાવેલ શરતોને આધીન મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે. અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહી.

(૬) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ ઉપયોગ લે. રે. કો. ક. ૪૮(૪)

મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અગાઉથી અત્રેની મંજુરી લેવાની રહેશે.

(૭) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનના બાંધકામમાં વાપરવા નહીં.

(૮) કોઈ પણ ખાળકુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસ્થા ન હોય તો કરવો નહીં.

(૯) પીવાના પાણીના કૂવાથી ૧૦૦ ફુટના અંતરમાં ખાળકૂવો કરવો નહી. અગર ઉપયોગમાં લેવો નહીં.

(૧૦) સવાલવાળી જમીનમાં નગર નિયોજકશ્રી, આણંદે આમુખ–(૧૪) ના પત્રથી જણાવ્યા મુજબ <u>૩૫</u> વૃક્ષો ઉછેરવાના રહેશે.

(૧૧) કંમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતાં ઉંચી કરવી નહી.

(૧૨) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચમર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર / માલિકને બંધનકર્તા રહેશે.

(૧૩) સવાલવાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ ₹૮૮૫.૦૦ લોકલ ફંડ ₹૪૪૩.૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ ₹૨૨૧.૦૦ દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૪) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબજેદારે નમુના "એમ" માં હુકમમાં જણાવેલ શરતો તેમાં દાખલ કરવી. અન્યથા પરવાનગી રદ થશે.

(૧૫) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) મંજૂર થયેલા વિકાસ નકશાના વિનિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૭) આ જમીનના કબજેદારોને સદરહું બીન ખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવામાંથી મુકિત મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૮) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કોઈ ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

(૧૯) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારાઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારાઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૨૦) આ પરવાનગી વિરૂઘ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જે ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજા કોઈ પ્રકારના ઉપયોગમાં લેવામાં આવશે તો તેને દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ ન થાય અગર બાંધકામ દુર ન થાય તો સરકારી રાહે દુર કરવા પગલા લેવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીન મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૧) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીએ આપેલ મંજૂરી મુજબ) પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૨) સવાલવાળી જમીનમાં રાખવામાં આવેલ કોમન પ્લોટનો હકક સર્વે પ્લોટ હોલ્ડરોનો રહેશે અને ઉપયોગ કરી શકશે તથા પ્લોટના વેચાણ વખતે તે બાબતો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૩) પાણીના કુદરતી વહેણને અવરોધરૂપ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. બાંધકામ કરવામાં આવનાર વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે.

કાંસની હદ છોડીને બાંધકામ કરવાનું રહેશે તથા ઉદ્યોગ કે ઘર વપરાશનું પ્રદૂષિત/ગંદુ પાણી કાંસમાં છોડી શકાશે નહી.

(૨૪) સર્વે નંબરની આગળથી પસાર થતી નહેરની હદ છોડીને તેમજ અન્ય બાગાયતદારોને સિંચાઈ સુવિધામાં વિક્ષેપ ન પડે તે રીતે બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદે આમુખ–(૧૨) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાંથી આરઓયુ પસાર થાય છે. તો પાઈપલાઈન વિભાગના જણાવ્યા અનુાર ૨૫+૩+૩ પાઈપલાઈનની બંને બાજુ થઈને કુલ–૩૧ મીટર બાંધકામ કે કાચુ પાકુ બાંધકામ કરવાની શરતે એન.ઓ.સી. આપેલ છે. આરઓયુની અંદર જો બાંધકામ કરવામાં આવશે તો આપો આપ એનઓસી રદબાતલ ગણાશે.

(૨૬) કબજેદાર જો ઉપરોકત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

**મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૧ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન પરત્વે.**

**સહી/–**
**(અવંતિકા સિંઘ ઔલખ)**
**કલેકટર, આણંદ**

**રવાના કર્યું**
**નિવાસી અધિક કલેકટર**
**આણંદ**

કલેકટર આણંદ

પ્રતિ
શ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિ
C/o, સુભાષ એસોશીએટ,
જી/૩૬, વૈભવ કોમર્શીયલ સેન્ટર,
ગ્રીડ રોડ, મુ. તા. જિ. આણંદ.

(રજીસ્ટર પોસ્ટ એ. ડી. દ્વારા)

**નકલ રવાના :–**

૧. મામલતદારશ્રી, આણંદ(શહેર) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૨. ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદ તરફ જાણ સારૂ.
૩. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૪. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, આણંદ તરફ આગળની કાર્યવાહી કરવા સારૂ.
૫. તલાટી કમ મંત્રીશ્રી, આણંદ તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. રેકર્ડ શાખા
૭. સિલેકટ ફાઈલ

સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ / ૧૦૭૯ / ૩૯૧૧૫ / ક, તા. ૧૭/૨૨–૭–૭૯ થી નકકી થયા મુજબ લે. રે. કોડની કલમ–૬૫ હેઠળની મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક .

| બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ | | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં | નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| ગામ | : આણંદ | | |
| સર્વે નંબર | : ૧૨૯૮/૧ | ૩૫૪૧–૦૦ | ૦.૨૫ પ્રતિ ચો.મી. |
| ટી. પી. સ્કીમ નં. | : – | | રહેણાંક |
| ફા. પ્લોટ નં. | : – | | |
| કબજેદારનું નામ | : શ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિ | | |

| વસુલ કરવાના આકારની કુલ રકમ | રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ) | કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે. |
|---|---|---|---|---|
| રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા |
| ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| પરિશિષ્ટ–એ મુજબ (પાછળ જુઓ) | ૩૫,૪૧૦/– | પરિશિષ્ટ–એ મુજબ (પાછળ જુઓ) | પરિશિષ્ટ–એ મુજબ (પાછળ જુઓ) | હુકમની તારીખના વર્ષથી |

કોલમ–૫ મુજબ રૂપાંતર કર તથા માપણી ફી ₹૫,૧૦૦/– તા. ૨૨/૧૧/૨૦૧૧ થી જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૮૮૫/– તથા લોકલ ફંડ ₹૪૪૩/– મળી કુલ ₹૧,૩૩૦/–, જમીન મહેસુલ પહોંચ નં. ૫૫/૧૦, તા. ૨૨/૧૧/૨૦૧૧ તથા શિક્ષણ ઉપકર ₹૨૨૫/– જમીન મહેસુલ પહોંચ નં. ૩, તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તલાટી કમ મંત્રીશ્રી, આણંદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

**સ્થળ પ્રતે કલેકટરશ્રીની સહી છે.** **કલેકટર, આણંદ વતી**

નં. જમન–૧ / એન.એ. / એસ.આર. / ૬૫ / ૧૫૭ / ૨૦૧૧–૧૨ / વશી / ૨૦૮૨૨ થી ૨૦૮૨૮
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા૨૭/૧૨/૨૦૧૧.

## પરિશિષ્ટ–એ

| પ્લોટ નંબર | પ્લોટનું ક્ષેત્રફળ | વાર્ષિક વસુલ કરવાપાત્ર બીનખેતી ધારો (રકમ ₹માં) | વાર્ષિક વસુલ કરવાપાત્ર લોકલ ફંડ (રકમ ₹માં) | વાર્ષિક વસુલ કરવાપાત્ર શિક્ષણ ઉપકર (રકમ ₹માં) |
|---|---|---|---|---|
| ૧ | ૪૪૦.૦૦ | ૧૯૯ | ૧૦૦ | ૫૦ |
| ૨ | ૯૯.૭૫ | ૪૫ | ૨૩ | ૧૧ |
| ૩ | ૭૬.૫૦ | ૩૫ | ૧૭ | ૯ |
| ૪ | ૭૬.૫૦ | ૩૫ | ૧૭ | ૯ |
| ૫ | ૧૪૩.૭૫ | ૬૫ | ૩૩ | ૧૬ |
| ૬ | ૧૧૭.૮૭ | ૫૩ | ૨૭ | ૧૩ |
| ૭ | ૭૬.૫૦ | ૩૫ | ૧૭ | ૯ |
| ૮ | ૭૬.૫૦ | ૩૫ | ૧૭ | ૯ |
| ૯ | ૭૬.૫૦ | ૩૫ | ૧૭ | ૯ |
| ૧૦ | ૯૯.૭૫ | ૪૫ | ૨૩ | ૧૧ |
| ૧૧ | ૧૦૪.૫૦ | ૪૭ | ૨૪ | ૧૨ |
| ૧૨ | ૯૦.૭૫ | ૪૧ | ૨૧ | ૧૦ |
| ૧૩ | ૯૦.૭૫ | ૪૧ | ૨૧ | ૧૦ |
| ૧૪ | ૯૦.૭૫ | ૪૧ | ૨૧ | ૧૦ |
| ૧૫ | ૯૦.૭૫ | ૪૧ | ૨૧ | ૧૦ |
| ૧૬ | ૨૦૦.૮૮ | ૯૧ | ૪૬ | ૨૩ |
| પ્લોટનું કુલ | ૧૯૫૨.૦૦ | ૮૮૫ | ૪૪૩ | ૨૨૧ |
| કોમન પ્લોટ | ૩૬૦.૦૦ | - | - | - |
| એપ્રોચ રોડ | ૧૧૦૦.૦૦ | - | - | - |
| કુલ ક્ષેત્રફળ | ૩૪૧૨.૦૦ | - | - | - |

નોંધ :–

(૧) રસ્તા પૈકીની જમીન તથા કોમન પ્લોટ તથા સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈ પણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨) પ્લોટ ધારકોએ સવાલવાળી જમીનનો બિનખેતી ધારો, લોકલ ફંડ, શિક્ષણ ઉપકર જે તે પ્લોટની તેની સામે રકમ દર વર્ષે તલાટી કમ મંત્રીશ્રીની કચેરીમાં ભરવાના રહેશે.

કલેકટર, આણંદ વતી

રજીસ્ટર પોસ્ટ એ.ડી.

વિષય :– મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૨ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીનનો **રહેણાંકના** હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫ હેઠળ પરવાનગી આપવા બાબત.

નં. જમન–૧/એન.એ./એસ.આર./૬૫/૧૫૮/૨૦૧૧–૧૨ |૯૯૧
જિલ્લા કલેકટરની કચેરી, ૧૦૮૨૯ થી ૧૦૮૩૬
આણંદ તા.૧૭/૧૨/૨૦૧૧.

## વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૨૦૦૮

(૨) અરજદારશ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિની તા. ૧૮/૧૧/૨૦૧૦ ની અરજી તથા તા. ૧૩/૯/૨૦૧૧ ની પુનઃ અરજી.

(૩) મામલતદારશ્રી, આણંદ(શહેર)ના પત્ર નં. જમન/વશી/૫૦૦૭/૧૧, તા. ૧૨/૧૦/૨૦૧૧ થી પુરા થતાં કાગળો.

(૪) મામલતદારશ્રી, સિંચાઈ દર વસુલાત, આણંદના પત્ર જા. નં. આઈ.આર.આર./એડીએમ/ બીનખેતી/વશી/૬૯૫/સને. ૨૦૦૮, તા. ૨૪/૧૧/૨૦૧૦.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદના પત્ર જા. નં. સીબી/ ૬૦૮૪/સને. ૨૦૧૦, તા. ૮/૧૨/૨૦૧૦ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, આણંદના પત્ર ક્રમાંક : ડીબી./એન.એ./વશી/૫૯૩, તા. ૧૬/૧૨/૧૦.

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા. નં. ડી.બી./એન.એ./૧૯/ વશી/૬૦૬૧/સને. ૨૦૧૦, તા. ૧૮/૧૨/૨૦૧૦ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના પત્ર જા.નં. ડી.બી./એન.એ./૬૦૬૧/સને. ૨૦૧૦, તા. ૧૮/૧૨/૨૦૧૦.

(૭) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં. ટીએનસીએનએ/એસ.આર./૩૫૩/૧૦, તા. ૩૦/૧૧/૨૦૧૦.

(૮) નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદના પત્ર નં. એન.એ./એસ.આર./ ૨૪૭/૧૦/વશી/૭૯૨૮, તા. ૧૩/૧૨/૨૦૧૦ તથા પત્ર નં. જમન/અભિપ્રાય/વશી/૧૪૦૬૯, તા. ૯/૧૧/૨૦૧૧.

(૯) નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના પત્ર નં. ગણત–૧ / અભિપ્રાય / વશી / ૨૭૩૦, તા. ૧૨/૧૦/૨૦૧૧.

(૧૦) શાખાધ્યક્ષશ્રી, જમન–૨ શાખા, કલેકટર કચેરી, આણંદના પત્ર નં. જમન–૨/અભિપ્રાય/ વશી/૬૧૬૦, તા. ૨૦/૧૨/૨૦૧૦.

(૧૧) નાયબ કલેકટરશ્રી, આણંદના પત્ર નં.જ.સં/બિ.ખે.પ./વ/૫૬૭, તા. ૪/૧૦/૨૦૧૧.

(૧૨) ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદના પત્ર નં. એ.એમ.ડી./એલ.એ.કયુ./આણંદ/૭૬૫, તા. ૧૨/૮/૨૦૧૧.

(૧૩) ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદના પત્ર જાવક નં. આ.વિ.વિ.સ.મં./૫૪૨, તા. ૧૦/૧૧/૨૦૦૯.

(૧૪) નગર નિયોજકશ્રી, આણંદના પત્ર નં. બીપી/આણંદ/૨૩૭૫, તા. ૨/૧૧/૨૦૧૦.

(૧૫) અધિક તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં. તજર / બુક / આણંદ / વશી / ૮૭૪૭, તા. ૭/૧૨/૨૦૧૧.

કલેકટર આણંદ

**હુ કમ :–**

મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૨ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન ૭/૧૨ ના રેકર્ડમાંશ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિના નામે ચાલે છે. જે જમીનનો રહેણાંકના હેતુસર બિનખેતીનો ઉપયોગ કરવા માટે નગર નિયોજકશ્રી, આણંદના તા. ૨/૧૧/૨૦૧૦ ના આમુખ–(૧૪) માં દર્શાવેલ પત્રથી રહેણાંકના હેતુ માટેના પ્લાન મંજુર કરેલ છે. જે મંજુર કરેલ પ્લાન મુજબ ૬૩૮–૨૫ ચો.મી. જમીનમાં રહેઠાણ હેતુ માટે બાંધકામ કરી, ૬૦૦–૦૦ ચો.મી. જમીનમાં કોમન પ્લોટ રાખી, ૧૦૦૦–૦૦ ચો.મી. જમીનમાં એપ્રોચ રોડ રાખી, ૧૩૦૨–૭૫ ચો.મી. જમીન આકાશ સુધી ખુલ્લી રાખી, કુલ ૩૫૪૧–૦૦ ચો.મી. જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ–(૩) થી અરજી કરેલ છે.

સદર કામે મામલતદારશ્રી, આણંદ(શહેર) મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રી, આણંદ(શહેર)એ નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફાર નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ સવાલવાળી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–(૩) ના પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

મામલતદારશ્રી, સિંચાઈ દર વસુલાત, આણંદએ આમુખ–(૪) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનના કબજેદારશ્રી ખાતે સિંચાઈ પિયાવાની રકમ બાકી નથી તેમ જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદે તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, આણંદે આમુખ–(૫) ના પત્રથી સવાલવાળી જમીનમાંથી તેઓની કચેરી હસ્તકનો કોઈ રસ્તો પસાર થતો નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવામાં આવે તો વાંધા સરખું નથી તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદએ આમુખ–(૬) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન પત્રમાં દર્શાવેલ શરતોને આધિન રહીને બીનખેતીના ઉપયોગ કરવા પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન બાબતે હાલમાં ગણોત કાયદા હેઠળ કેસ ચાલુમાં નથી. તેમજ અપીલ કે રિવિઝન દાખલ થયેલ નથી તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદએ આમુખ–(૮) ના પત્રોથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની જમીન સંપાદનની દરખાસ્ત તેઓની કચેરીમાં ચાલતી નથી તથા સવાલવાળી જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગણોતધારાની કલમ–૭૪ હેઠળ કોઈ અપીલ કે કલમ–૭૬.અ મુજબ કોઈ રીવીઝન ચાલુમાં નથી. તેમજ અન્ય રીતે ટાઈટલ કલીયર હોવાથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના આમુખ–(૧૦) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન અંગેનો વિવાદ ચાલુમાં નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટરશ્રી, આણંદે આમુખ–(૧૧) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે અત્રેની કચેરી હસ્તકની કોઈ સંપાદનની કાર્યવાહી ચાલુમાં નથી. તેમ જણાવેલ છે.

ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદે આમુખ–(૧૨) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાંથી આરઓય પસાર થાય છે. તો પાઈપલાઈન વિભાગના જણાવ્યા અનુસાર ૨૫+૩+૩ પાઈપલાઈનની બંને બાજુ થઈને કુલ–૩૧ મીટર બાંધકામ કે કાચુ – પાકું બાંધકામ કરવાની શરતે એન.ઓ.સી. આપેલ છે.

ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદે આમુખ–(૧૩) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની સમાવેશ મંજુર થયેલ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં થયેલ છે, તેમ જણાવેલ છે.

મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૨ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

| ક્રમ | નોંધ નંબર | તારીખ | નોંધની ટુંકી વિગત |
|---|---|---|---|
| ૧ | ૫૬૩૭ | /૧૨/૪૯ | સંરક્ષિત ગણોતીયા અંગેની નોંધ |
| ૨ | ૫૯૪૧ | ૮/૪/૫૩ | ટુકડા જાહેર અંગેની નોંધ |
| ૩ | ૮૬૭૪ | – | રેકર્ડ બળી ગયેલ છે તેની નોંધ |
| ૪ | ૨૦૦૮૫ | ૮/૭/૭૪ | નમુના નં.–૨ અંગેની નોંધ |
| ૫ | ૨૭૬૫૬ | ૨૨/૯/૭૯ | વપરાશી હકક અંગેની નોંધ |
| ૬ | ૩૪૯૬૧ | ૨૭/૧/૮૬ | વારસાઈ અંગેની નોંધ |
| ૭ | ૫૨૩૦૨ | ૨૪/૮/૯૫ | વારસાઈ અંગેની નોંધ |
| ૮ | ૫૨૭૩૯ | ૨૦/૧૦/૯૫ | વારસાઈ અંગેની નોંધ |
| ૯ | ૫૩૬૮૧ | ૩૧/૩/૯૬ | વારસાઈ અંગેની નોંધ |
| ૧૦ | ૫૮૧૭૩ | ૫/૧/૯૮ | નામ કમી અંગેની નોંધ |
| ૧૧ | ૫૮૩૨૨ | ૨૯/૧/૯૮ | ગામ નમુના નં.–૯ અંગેની નોંધ |
| ૧૨ | ૮૨૧૧૯ | ૩/૧/૦૬ | નામ કમી અંગેની નોંધ |
| ૧૩ | ૮૨૧૨૪ | ૩/૧/૦૬ | ગણોત હુકમ અંગેની નોંધ |
| ૧૪ | ૮૨૧૨૫ | ૩/૧/૦૬ | ખેતી વેચાણ અંગેની નોંધ |
| ૧૫ | ૮૩૦૭૪ | ૨૫/૪/૦૬ | વેચાણ અંગેની નોંધ |
| ૧૬ | ૯૫૯૯૧ | ૩૦/૯/૧૦ | હુકમ અંગેની નોંધ |
| ૧૭ | ૯૫૯૯૨ | ૩૦/૯/૧૦ | ખેતી વેચાણ અંગેની નોંધ |
| ૧૮ | ૯૫૯૯૪ | ૩૦/૯/૧૦ | ખેતી વેચાણ અંગેની નોંધ |

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૧) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૩) થી (૧૪) ના અભિપ્રાયો ધ્યાને લેતાં સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારે સંમતિ જવાબ આપેલ છે. આમ સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારને સદરહુ જમીનના રૂપાંતર કરની રકમ ₹૩૫,૪૧૦/– તથા માપણી ફીની રકમ ₹૪,૫૦૦/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના તા. ૨૧/૧૧/૨૦૧૧ ના પત્રથી જણાવતાં,

અરજદારશ્રીએ રૂપાંતર કર ₹૩૫,૪૧૦/—(અંકે રૂપિયા પાત્રીસ હજાર ચારસો દશ પુરા) તથા માપણી ફીની રકમ ₹૪,૫૦૦/— (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આણંદની શાખામાં તા. ૨૨/૧૧/૨૦૧૧ નાં રોજ જમા કરાવી અસલ ચલનો અત્રે રજુ કરેલ છે.

ઉક્ત રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ પાસે ખાત્રી કરાવતાં, અધિક તિજોરી અધિકારીશ્રી, આણંદે આમુખ—(૧૫) ના પત્રથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે તેમ જણાવેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૮૮૫/— તથા લોકલ ફંડ ₹૪૪૩/— મળી કુલ ₹૧,૩૩૦/—, જમીન મહેસુલ પહોંચ નં. ૫૬/૧૦, તા. ૨૨/૧૧/૨૦૧૧ તથા શિક્ષણ ઉપકર ₹૨૨૫/— જમીન મહેસુલ પહોંચ નં. ૪, તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તલાટી કમ મંત્રીશ્રી, આણંદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને ઉપરોક્ત જમીનમાં મુંબઈ જમીન મહેસુલ ધારાની કલમ—૬૫ અન્વયે **રહેણાંકના** હેતુ માટેનો બીનખેતીનો ઉપયોગ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

**શ ર તો :—**

(૧) જમીનના કબજેદારે દર ચોરસ મીટરે ૦.૨૫ પૈસાના દરે બીન ખેતીનો ધારો ₹૮૮૫.૦૦ ન.પૈ. આપવા પડશે.

(૨) બીન ખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે. અને ત્રણ વર્ષની અંદર પુરૂ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીન ખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોક્ત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૩) કબજેદારે બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી/સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૪) કબજેદારે બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૫) નગર નિયોજકશ્રી, આણંદના આમુખ—(૧૪) ના પત્રથી જણાવેલ શરતોને આધીન મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે. અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહી.

(૬) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ ઉપયોગ લે. રે. કો. ક. ૪૮(૪) મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અગાઉથી અત્રેની મંજુરી લેવાની રહેશે.

(૭) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનના બાંધકામમાં વાપરવા નહી.

(૮) કોઈ પણ ખાળકુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસ્થા ન હોય તો કરવો નહી.

(૯) પીવાના પાણીના કૂવાથી ૧૦૦ ફુટના અંતરમાં ખાળકૂવો કરવો નહી. અગર ઉપયોગમાં લેવો નહી.

(૧૦) સવાલવાળી જમીનમાં નગર નિયોજકશ્રી, આણંદે આમુખ–(૧૪) ના પત્રથી જણાવ્યા મુજબ **૫૪** વૃક્ષો ઉછેરવાના રહેશે.

(૧૧) કંમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતાં ઉંચી કરવી નહીં.

(૧૨) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચમર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર / માલિકને બંધનકર્તા રહેશે.

(૧૩) સવાલવાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ ₹૮૮૫.૦૦ લોકલ ફંડ ₹૪૪૩.૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ ₹૨૨૧.૦૦ દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૪) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબજેદારે નમુના "એમ" માં હુકમમાં જણાવેલ શરતો તેમાં દાખલ કરવી. અન્યથા પરવાનગી રદ થશે.

(૧૫) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) મંજૂર થયેલા વિકાસ નકશાના વિનિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૭) આ જમીનના કબજેદારોને સદરહું બીન ખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવામાંથી મુકિત મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા નગરપાલિકા પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૮) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કોઈ ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

(૧૯) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારાઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારાઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૨૦) આ પરવાનગી વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જે ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજા કોઈ પ્રકારના ઉપયોગમાં લેવામાં આવશે તો તેને દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ ન થાય અગર બાંધકામ દુર ન થાય તો સરકારી રાહે દુર કરવા પગલા લેવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીન મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૧) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીએ આપેલ મંજૂરી મુજબ) પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૨) સવાલવાળી જમીનમાં રાખવામાં આવેલ કોમન પ્લોટનો હકક સર્વે પ્લોટ હોલ્ડરોનો રહેશે અને ઉપયોગ કરી શકશે તથા પ્લોટના વેચાણ વખતે તે બાબતો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૩) પાણીના કુદરતી વહેણને અવરોધરૂપ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. બાંધકામ કરવામાં આવનાર વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે. કાંસની હદ છોડીને બાંધકામ કરવાનું રહેશે તથા ઉદ્યોગ કે ઘર વપરાશનું પ્રદૂષિત/ગંદુ પાણી કાંસમાં છોડી શકાશે નહી.

(૨૪) સર્વે નંબરની આગળથી પસાર થતી નહેરની હદ છોડીને તેમજ અન્ય બાગાયતદારોને સિંચાઈ સુવિધામાં વિક્ષેપ ન પડે તે રીતે બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) ચીફ મેનેજરશ્રી (એચ.આર.), એલએકયુ સેકશન, ઓ.એન.જી.સી., અમદાવાદે આમુખ–(૧૨) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાંથી આરઓયુ પસાર

થાય છે. તો પાઈપલાઈન વિભાગના જણાવ્યા અનુાર ૨૫+૩+૩ પાઈપલાઈનની બંને બાજુ થઈને કુલ–૩૧ મીટર બાંધકામ કે કાચુ પાકુ બાંધકામ કરવાની શરતે એન.ઓ.સી. આપેલ છે. આરઓયુની અંદર જો બાંધકામ કરવામાં આવશે તો આપો આપ એનઓસી રદબાતલ ગણાશે.

(૨૬) કબજેદાર જો ઉપરોક્ત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

**મોજે–આણંદ, તા.જિ.–આણંદના સર્વે નં.–૧૨૯૮/૨ વાળી ૩૫૪૧–૦૦ ચો.મી. જમીન પરત્વે.**

**રવાના કર્યું**

**નિવાસી અધિક કલેકટર**
**આણંદ**

**સહી/–**
**(અવંતિકા સિંઘ ઔલખ)**
**કલેકટર, આણંદ**

પ્રતિ
શ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિ (રજીસ્ટર પોસ્ટ એ. ડી. દ્વારા)
C/o, સુભાષ એસોશીએટ,
જી/૩૬, વૈભવ કોમર્શીયલ સેન્ટર,
ગ્રીડ રોડ, મુ. તા. જિ. આણંદ.

**નકલ રવાના :–**

૧. મામલતદારશ્રી, આણંદ(શહેર) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૨. ચીફ ઓફીસરશ્રી, આણંદ નગરપાલિકા, આણંદ તરફ જાણ સારૂ.
૩. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૪. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, આણંદ તરફ આગળની કાર્યવાહી કરવા સારૂ.
૫. તલાટી કમ મંત્રીશ્રી, આણંદ તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. રેકર્ડ શાખા
૭. સિલેકટ ફાઈલ

**સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ / ૧૦૭૯ / ૩૯૧૧૫ / ક, તા. ૧૭/૨૨—૭—૭૯ થી નકકી થયા મુજબ લે. રે. કોડની કલમ—૬૫ હેઠળની મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક .**

| બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ | | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં | નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત |
|---|---|---|---|
| ૧. | | ૨. | ૩. |
| ગામ | : આણંદ | | |
| સર્વે નંબર | : ૧૨૯૮/૨ | ૩૫૪૧—૦૦ | ૦.૨૫ પ્રતિ ચો.મી. |
| ટી. પી. સ્કીમ નં. | : — | | રહેણાંક |
| ફા. પ્લોટ નં. | : — | | |
| કબજેદારનું નામ | : શ્રી દિલીપભાઈ પ્રાગજીભાઈ પ્રજાપતિ | | |

| વસુલ કરવાના આકારની કુલ રકમ | રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ) | કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે. |
|---|---|---|---|---|
| રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા |
| ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| પરિશિષ્ટ—એ મુજબ (પાછળ જુઓ) | ૩૫,૪૧૦/— | પરિશિષ્ટ—એ મુજબ (પાછળ જુઓ) | પરિશિષ્ટ—એ મુજબ (પાછળ જુઓ) | હુકમની તારીખના વર્ષથી |

કોલમ—૫ મુજબ રૂપાંતર કર તથા માપણી ફી ₹૪,૫૦૦/— તા. ૨૨/૧૧/૨૦૧૧ થી જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૮૮૫/— તથા લોકલ ફંડ ₹૪૪૩/— મળી કુલ ₹૧,૩૩૦/—, જમીન મહેસુલ પહોંચ નં. ૫૬/૧૦, તા. ૨૨/૧૧/૨૦૧૧ તથા શિક્ષણ ઉપકર ₹૨૨૫/— જમીન મહેસુલ પહોંચ નં. ૪, તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તલાટી કમ મંત્રીશ્રી, આણંદ ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

(સ્ટેમ્પ: કલેકટર આણંદ) (સહી)

**સ્થળ પ્રતે કલેકટરશ્રીની સહી છે.** **કલેકટર, આણંદ વતી**

નં. જમન—૧ / એન.એ. / એસ.આર. / ૬૫ / ૧૫૮ / ૨૦૧૧—૧૨ / વશી / ૨૦૮૯૯ થી ૨૦૮૩૬
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા.૨૭/૧૨/૨૦૧૧.

## પરિશિષ્ટ–એ

| પ્લોટ નંબર | પ્લોટનું ક્ષેત્રફળ | વાર્ષિક વસુલ કરવાપાત્ર બીનખેતી ધારો (રકમ ₹માં) | વાર્ષિક વસુલ કરવાપાત્ર લોકલ ફંડ (રકમ ₹માં) | વાર્ષિક વસુલ કરવાપાત્ર શિક્ષણ ઉપકર (રકમ ₹માં) |
|---|---|---|---|---|
| બી/૧ | ૩૨૩.૫૦ | ૧૪૮ | ૭૪ | ૩૭ |
| બી/૨ | ૧૧૩.૭૫ | ૫૨ | ૨૬ | ૧૩ |
| બી/૩ | ૧૧૩.૭૫ | ૫૨ | ૨૬ | ૧૩ |
| બી/૪ | ૧૦૨.૦૦ | ૪૭ | ૨૩ | ૧૨ |
| બી/૫ | ૯૩.૫૦ | ૪૩ | ૨૧ | ૧૧ |
| બી/૬ | ૧૦૪.૫૦ | ૪૮ | ૨૪ | ૧૨ |
| બી/૭ | ૧૬૦.૦૦ | ૭૩ | ૩૬ | ૧૮ |
| બી/૮ | ૮૭.૫૦ | ૪૦ | ૨૦ | ૧૦ |
| બી/૯ | ૮૭.૫૦ | ૪૦ | ૨૦ | ૧૦ |
| બી/૧૦ | ૯૭.૫૦ | ૪૪ | ૨૨ | ૧૧ |
| બી/૧૧ | ૭૯.૪૩ | ૩૬ | ૧૮ | ૯ |
| બી/૧૨ | ૭૪.૫૦ | ૩૪ | ૧૭ | ૮ |
| બી/૧૨/એ | ૧૮૯.૩૦ | ૮૬ | ૪૩ | ૨૨ |
| બી/૧૪ | ૩૧૪.૨૭ | ૧૪૩ | ૭૨ | ૩૬ |
| પ્લોટનું કુલ | ૧૯૪૧.૦૦ | ૮૮૫ | ૪૪૩ | ૨૨૧ |
| કોમન પ્લોટ | ૬૦૦.૦૦ | - | - | - |
| એપ્રોચ રોડ | ૧૦૦૦.૦૦ | - | - | - |
| કુલ ક્ષેત્રફળ | ૩૫૪૧.૦૦ | - | - | - |

**નોંધ :–**

(૧) રસ્તા પૈકીની જમીન તથા કોમન પ્લોટ તથા સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈ પણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨) પ્લોટ ધારકોએ સવાલવાળી જમીનનો બિનખેતી ધારો, લોકલ ફંડ, શિક્ષણ ઉપકર જે તે પ્લોટની તેની સામે રકમ દર વર્ષે તલાટી કમ મંત્રીશ્રીની કચેરીમાં ભરવાના રહેશે.

કલેકટર, આણંદ
(seal)

કલેકટર, આણંદ વતી